| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૨૦/૦૧/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | : | ૨૦/૦૧/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | ૩૧/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | : | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | **૦૦** | **૦૬** | **૧૧** |

सत्यमेव जयते

**<u>વાપી ના મહે. બીજા એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડી.ચીફ જયુડી.</u>**

**<u>મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં.</u>**

**આંક:– ૧૪**

શ્રી સ ર કા ર **.........ફરીયાદી**

//વિરૂઘ્ધ//

**ગીતાબેન D/O મનોજભાઈ મગનભાઈ કો.પટેલ**
**રહે. :** વાપી બલીઠા, કોળીવાડ, ક્રિએટીવ કંપની પાસે,
તા.વાપી, જી.વલસાડ. **..........આરોપી**

---

**ગુન્હો :– ગુજરાત પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(એ)**

---

ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી.એચ.ટી.પટેલ
આરોપી તરફે વિ.વ.શ્રી.ડી.એ.પટેલ

---

**<u>//ઠરાવ//</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવેલ સ્થળ,સમય અને તારીખે તેઓ પોલીસના માણસો સાથે પેટ્રોલીગમાં વાહન ચેકીંગમાં હોય અને આરોઓપીને રેડ કરતા દેશી/વિદેશી નસાકારક પદાર્થ વગર પાસ પરમીટે તેના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ હોય પકડાઈ જઈ ગુન્હો કરેલ અને આ બાબતની ફરીયાદ ફરીયાદીએ સબંધીત પોલીસ સ્ટેશનમાં નોંધવતા પોલીસ સ્ટેશન દ્રારા ગુના રજીસ્ટર નંબર ૧૧૨૦૦૦૪૮૨૫૩૨૩૭/ ૨૦૨૫ ગુનો રજિસ્ટર કરેલ અને તપાસ કરનાર અધિકારી દ્રારા લાગતા

વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારું નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે અને ગુનાનુ સંજ્ઞાન લઈ ચાર્જશીટને ફોજદારી કેસ રજીસ્ટરે નોધવામાં આવેલુ.

(૨) સદર કામે આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતા આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયા બાદ આરોપીની સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૬૩ મુજબ ઉપરોક્ત ગુનાનું તહોમતનામુ ફરમાવી આરોપી નો જવાબ લેતાં તેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છેઃ

**મૌખિક પુરાવો/દસ્તાવેજી પુરાવો**

| અ.નં | વિ ગ ત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સચીનભાઈ બિન્ટુભાઈ પટેલની જુબાની | ૦૭ |
| ૨ | પંચનામુ | ૦૮ |
| ૩ | પંચ અમિષભાઈ કનુભાઈ પટેલની જુબાની | ૦૯ |
| ૪ | ફરિયાદી ગીરીશભાઈ લાલુભાઈ વણઝારાની જુબાની | ૧૧ |
| ૫ | અસલ ફરિયાદ | ૧૨ |

(૪) આ કામે ફરીયાદ પક્ષે મહત્વના સાક્ષીઓ એવા પંચોને તપાસ્યા બાદ હાલના કેસના સંજોગો ધ્યાને લેતા, ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ

શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં, નામદાર સુપ્રિમકોર્ટ ના ૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫, “સતીષ મહેરા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન" તથા (૨૦૦૮) ૯, એસ.સીસી.૬૭૭,” નિખિલ મરચન્ટ વિ.સી.બી.આઈ. ‘ તથા (૨૦૦૮) ૪, એસ.સીસી.,૫૮૨, “મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ ‘ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંત કે, જ્યારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શક્યતા જણાતી ન હોય ત્યારે, કોર્ટે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફ્યુટાઈલ એક્સરસાઈઝ કરવી ન જોઈએ તે સિધ્ધાંત ધ્યાને લઈ, ફરીયાદપક્ષ્નો પુરાવો પુરો કરવામાં આવેલ હોય તથા આરોપીનું વિષેશ નિવેદન લેવા જેવો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) આ કામમા મારા નિણર્ય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી પાસેથી તેના પ્રત્યક્ષ કે પરોક્ષ કબજામાંથી ચાર્જશીટમાં જણાવેલ સ્થળ, સમયઅને તારીખે નશાકારક દેશી કે વિદેશી પદાર્થ કે પ્રવાહીની બોટલો ગેરકાયદેસર રીતે અને વગર પાસ પરમીટે રેડ દરમ્યાન મળી આવેલ અને પકડાઈ જઈ ગુજરાત પ્રોહીબિશન એકટ ની કલમ–૬૫(એ)(એ) મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

૧. નકારમા.

૨. આખરી હુકમ મુજબ.

**//નિર્ણય માટેના કારણો//**

(૭) <u>**મુદ્દા નં.:–૧ ની ચર્ચા:–**</u> સબબ કામે ફરિયાદપક્ષ ના પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે, સદર બંને પંચો તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહીઓ કરેલી. તે સીવાય પંચનામાની વિગતો વિશે તેમને કોઇ જાણ નથી, વળી એ સ્વીકાર કરેલ છે કે, પંચનામાની હકિકત તેમને ખબર નથી, પંચનામુ શેનું છે તે પણ તેઓને ખબર નથી. વિ. એ.પી.પી.શ્રી દ્વારા બંને પંચોને વિમુખ જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા છતાં તેઓએ પંચનામાંની વિગતને લેસ માત્ર સમર્થન આપેલ નથી. તેથી સદરહુ પંચનામું પુરવાર થયેલ નથી.

(૮) સદર કામે તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ આખરી અહેવાલ જોવામાં આવે તો, સબબ કામે ફકત પંચો જ સ્વતંત્ર સાહેદો છે તે સીવાય ના તમામ સાહેદો પોલીસ અધિકારીઓ છે. પંચોએ પંચનામાની વિગત ને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વળી, **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પટેલ (૧૯૭૯ ક્રી.લો.જ. મહા. ૪૨૧)** માં પ્રસ્થાપીત કરેલ છે કે, જ્યારે પંચોસાહેદો દ્વારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગો માં ફરિયાદી તથા અન્ય પોલીસ સાહેદોની સોગંધપર ની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. તથા નામ. ગુજરાત ઉચ્ચ અદાલતના **THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH) 2016 (4) GLR 31** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, *"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore,*

*finding recorded by the learned trial court is just and proper."*

(૯) આમ, આ કેસની વિગતવાર સમીક્ષા અને રજૂ થયેલા પુરાવાઓનું ઝીણવટપૂર્વક અવલોકન કરતાં, આ કેસમાં, ફરિયાદપક્ષ દ્વારા આરોપી સામે ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૫એએ હેઠળ ગુનો નોંધવામાં આવેલ હતો. ફરિયાદપક્ષનો આક્ષેપ હતો કે આરોપીના કબજામાંથી ગેરકાયદેસર રીતે દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવેલ હતો, જે પ્રોહિબિશન એક્ટની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે. આ આક્ષેપોને આધારે, પોલીસે આરોપીની ધરપકડ કરી હતી અને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, કેસની સુનાવણી દરમિયાન રજૂ થયેલા પુરાવાઓ અને સાક્ષીઓના નિવેદનોનું વિશ્લેષણ કરતાં આ કેસમાં પંચનામું એક મુખ્ય પુરાવો તરીકે રજૂ કરવામાં આવેલ હતું. પંચનામા અનુસાર, બે સ્વતંત્ર પંચોની હાજરીમાં આરોપી પાસેથી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવેલ હોવાનું જણાવાયું હતું. પંચનામું એ એક એવો દસ્તાવેજ છે જે કાર્યવાહીની વિશ્વસનીયતા અને પારદર્શકતા સ્થાપિત કરવા માટે અત્યંત મહત્વનો હોય છે. જોકે, આ કેસમાં પંચનામાની વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઉભા થાય છે. બંને પંચોએ તેમના નિવેદનોમાં ફરિયાદપક્ષના આક્ષેપોને સમર્થન આપેલ નથી. તેમના નિવેદનોમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે, તેમની હાજરીમાં દારૂ જપ્ત થયો હોવાની હકીકત તેમને જાણ નથી. પંચનામું બનાવવાની પ્રક્રિયા દરમિયાન તેઓ હાજર ન હતા, અથવા તેમના નિવેદનો ફરિયાદપક્ષના દાવાને નકારે છે. આ પરિસ્થિતિમાં, પંચનામું એક વિશ્વસનીય પુરાવો તરીકે ગણી શકાય નહીં. પંચોના નિવેદનોમાં વિસંગતતાઓ અને તેમનું ફરિયાદપક્ષના આક્ષેપોને નકારવું એ દર્શાવે છે કે પંચનામું કદાચ યોગ્ય રીતે તૈયાર કરવામાં આવ્યું નથી અથવા તેની પ્રક્રિયામાં ખામીઓ હતી. આ બાબત ફરિયાદપક્ષના કેસને નબળો પાડે છે. કેસની સુનાવણી દરમિયાન

રેકોર્ડ ઉપર રજૂ થયેલા તમામ પુરાવાઓનું ઝીણવટપૂર્વક વિશ્લેષણ કરવામાં આવેલ. આ પુરાવાઓમાં પોલીસ દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો, જપ્તીના અહેવાલો, સાક્ષીઓના નિવેદનો અને અન્ય સંબંધિત પુરાવાઓમાં ફરિયાદપક્ષ દ્વારા એવો કોઈ નક્કર પુરાવો રજૂ કરવામાં આવેલ નથી કે જે આરોપી પાસેથી દારૂ જપ્ત થયો હોવાની હકીકતને નિ:શંકપણે સાબિત કરે. ઉદાહરણ તરીકે, જપ્ત કરવામાં આવેલ દારૂની ઓળખ, તેની માત્રા, અથવા તેની સાથે આરોપીનો સીધો સંબંધ દર્શાવતા કોઈ દસ્તાવેજી પુરાવા નથી. વધુમા આ કામે ફરીયાદપક્ષની કેસની હકીકત ધ્યાને લેતા આરોપી પાસેથી નશાકારાક પદાર્થ એટલે કે દારૂ મળી આવેલાનો આરોપ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૧૦૫ મુજબ જે તે વ્યકીતીને જડતી અને તપાસ કરવામા આવે તેને જડતી તપાસ કરેલાનુ વિડિયો રેકોર્ડીગ કરવાનુ છે અને તે નજીકના મેજીસ્ટ્રેટ મા મોકલી આપવા નો છે. જે ધ્યાને લેતા ચાર્જસીટ સાથે રજુ થયેલ દસ્તાવેજો મુજબ આવુ કોઈ વિડિયો રેકોર્ડીગ રજુ કરેલ નથી તેવા સંજોગોમા ફરીયાદપક્ષ દ્વારા આરોપી પાસેથી નશાકારાક પદાર્થ મળી આવેલ છે તેની સાબીતી માટે ફરિયાદપક્ષ દ્વારા આદેશાત્મક જોગવાઈ નુ પાલન કરવામા આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી તેવા સંજોગોમા આરોપીને તેનો લાભ મળવા પાત્ર થાય છે તેવુ અત્રેની કોર્ટ નુ માનવુ છે. આ કામે પોલીસ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલોમાં પણ અસ્પષ્ટતા અને ખામીઓ જોવા મળે છે. ઉદાહરણ તરીકે, જપ્તીની પ્રક્રિયા દરમિયાન યોગ્ય પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ થતું નથી, અને જપ્ત કરેલ દારૂની લેબોરેટરી તપાસનો અહેવાલ પણ રેકોર્ડ ઉપર નથી.આ પુરાવાઓની અપૂર્તિ અને વિસંગતતાઓને કારણે, આરોપીની ગુનામાં સંડોવણીને સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. ભારતીય ન્યાય વ્યવસ્થામાં, ગુનો શંકાથી પર નિ:શંકપણે સાબિત કરવાની જવાબદારી ફરિયાદપક્ષ પર રહેલી છે. ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ

૬૫(એએ) હેઠળ આરોપીને તકસીરવાર ઠરાવવા માટે, ફરિયાદપક્ષે એ સાબિત કરવું જરૂરી છે કે,આરોપીના કબજામાંથી દારૂ જપ્ત થયો હતો.આ દારૂ ગેરકાયદેસર હતો અને પ્રોહિબિશન એક્ટની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતો હતો અને આરોપીની ગુનામાં સીધી સંડોવણી હતી. જો આ બાબતોમાંથી કોઈ એક પણ શંકા રહે, તો આરોપીને શંકાનો લાભ મળે છે. આ કેસમાં, ફરિયાદપક્ષે ઉપરોક્ત કોઈપણ બાબતને નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળતા દર્શાવી છે. પંચનામાની અવિશ્વસનીયતા, પુરાવાઓનો અભાવે આરોપીની ગુનામાં સંડોવણી સાબિત થતી નથી. આથી, કાનૂની સિદ્ધાંત અનુસાર, આરોપીને શંકાનો લાભ આપવો જરૂરી બને છે. આ પરિસ્થિતિમાં, આરોપીને ગુનામાં તકસીરવાર ઠરાવવું ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ જણાય છે, આરોપી સામે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫એએ મુજબનો ગુન્હો ફરિયાદપક્ષ નિ:શંક પણે શંકાથી પર સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ હોય જેથી તેઓને નિર્દોષ છોડી મુકવાનો ન્યાયોચીત જણાય આવે છે. જેથી, મુદ્દા નં ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આ ખ રી હુ ક મ //

(૧) આ કામના **આરોપી–ગીતાબેન D/O મનોજભાઈ મગનભાઈ કો.પટેલ રહે. : વાપી બલીઠા, કોળીવાડ, ક્રિએટીવ કંપની પાસે, તા.વાપી, જી.વલસાડનાઓને** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ ના હેતુ માટે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં

આવે છે.

(૩) આ કામે કબજે કરેલ બિન કિંમતી મુદ્દામાલ નો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવ્હે છે તથા કિંમતી મુદ્દામાલ સંબંધે જો વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તે બિન શરતી કાયમી કરવામાં આવે છે અને જો કિંમત મુદ્દામાલ સંબંધે કોઈ હુકમ કરેલ ન હોય ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૮ અન્વયે અલગથી અરજી કર્યેથી મુદ્દામાલ સોંપવાની અલગથી કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તારીખ:૩૧,માહે-જુલાઈ, સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૩૧/૦૭/૨૦૨૬**
**સ્થળ : વાપી**

**(આર.એ.નાગોરી)**
**બીજા એડી. સીની. સીવીલ જજ,**
**એડીશ્નલ ચીફ જ્યુડી. મેજી. વાપી.**
**UID no. GJ00722**

**(Guj.Steno.JBM)**